This page is printed from: http://akilanews.com/Saurashtra_news/Print_news/17-10-2022/204642

સવારે ચા સાંજે
અકિલા ન્યુઝ .કોમ

તા. ૧૭ ઓકટોબર ૨૦૨૨ વિક્રમ સંવત ૨૦૭૮ આસો વદ-૭, સોમવાર

સૌરાષ્ટ્ર-કચ્છ

News of Monday, 17th October 2022

# વાંકાનેરમાં ટ્રેનના ઇલેકટ્રીક એન્જીનનું આગમન




વાંકાનેર : સૌરાષ્ટ્ર પર ઇન્ડીયન રેલ્વેની અસીમ કૃપા વરસી રહી છે. સૌરાષ્ટ્રની હાર્દ સમી રાજકોટ-મુંબઇ ટ્રેક પર સુરેન્દ્રનગરથી રાજકોટ સુધી ડબલ લાઇન બ્રોડગ્રેજને ઇલેકટ્રીક લાઇન નાખવાની કામગીરી પુર્ણ થવાના આરે છે. તેમાં વાંકાનેરથી નવલખી, માળીયા સુધી ઇલેકટ્રીક લાઇન નાખવામાં આવી છે. આથી સૌરાષ્ટ્રની ધરતી પર ઇન્ડીયન રેલ્વનું લીલા રંગનું ઇલેકટ્રીક એન્જીનનું ટ્રાયલ મોરબી સાઇડથી વાંકાનેર સુધી એન્જીન નં. WAG9HC33711 આજે રાત્રે આવી પહોંચતા વાંકાનેર ખાતે એન્જીનનું ભવ્ય સ્વાગત બેનર લગાવી ખુશહાલી કરવામાં આવેલ. આથી ટુંક સમયમાં સૌરાષ્ટ્રમાં ડબલ લાઇનને ઇલેકટ્રીક એન્જીન સુરેન્દ્રનગરથી આગળ રાજકોટ-વાંકાનેર-મોરબી લાઇનમાં નિહાળવા મળશે. જેથી સૌરાષ્ટ્ર-કચ્છ માટે ઝડપી મુસાફરી, ઝડપી માલ પરીવહન અને એથી પણ વિશેષ પર્યાવરણને મોટો ફાયદો થનાર છે. માળીયાથી અમદાવાદ રૂટ માટે ઇલેકટ્રીક ટ્રેન ચાલે તે ઉમદા હેતુ સાથે રેલ્વે વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી કામ ચાલી રહયું હતું. ટેસ્ટીંગ દરમ્યાન ૧૧૦ની સ્પીડે એન્જીન દોડાવવામાં આવ્યું હતું. ટેસ્ટીંગ પુર્ણ થયા બાદ હવે આવનારા દિવસોમાં આ ટ્રેક પર ઇલેકટ્રીક ટ્રેનો દોડતી થશે. આ ટેસ્ટીંગ એન્જીન વાંકાનેર સ્ટેશને પહોંચતા લેવાયેલ તસ્વીરમાં રેલ્વે ઇલેકટ્રીક વિભાગના અધિકારી અજય સર, સેની સર, ગણેશ સર, સેફટી એક્ષપર્ટ જુણેજા સર, લોકો ઇન્ચાર્જ હિતેશ શુકલ સહીતના રેલ્વે અધિકારીઓ નજરે પડે છે. (તસ્વીર-અહેવાલઃ ભાટી એન. - મહમદ રાઠોડ-વાંકાનેર)

(11:49 am IST)